Letter No: COS/0260/03/2024   Dt: 16-03-2024

File No.- COS/MIS/e-file/276/2024/0067/SECONDARY

નિયામકશ્રી શાળાઓની કચેરી,

બીજો માળ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર,

પુનીત વન રોડ, સેકટર-૧૯,

ગુ.રા., ગાંધીનગર

પ્રતિ,

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ

- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ

- શાસનાધિકારીશ્રી, તમામ

વિષય: મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ યોજના અને મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ યોજના અંતર્ગત શાળાઓને ફાળવેલ Composite Grant નો ખર્ચ કરવા અંગેની માર્ગદર્શક સૂચનાઓ બાબત

સંદર્ભ: ૧. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: ED/MSM/e-file/3/2023/0079/CHH, તા. ૦૭/૦૬/૨૦૨૩

૨. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: સસઅ/૧૦૨૨/ન.બા./૧૯૨/ન, તા. ૦૭/૦૬/૨૦૨૩

ઉપર્યુક્ત વિષય પરત્વે જણાવવાનું કે, મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ યોજનાનો ઠરાવ ક્રમાંક: ED/MSM/e-file/3/2023/0079/CHH, તા. ૦૭/૦૬/૨૦૨૩ અને મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ યોજનાનો ઠરાવ ક્રમાંક: સસઅ/૧૦૨૨/ન.બા./૧૯૨/ન, તા. ૦૭/૦૬/૨૦૨૩ થી અનુક્રમે ૨૫,૦૦૦ અને ૩૦,૦૦૦ પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ યોજના હેઠળ પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓ કે જેઓ અનુદાનિત કે સરકારી શાળાઓમાં પ્રવેશ મેળવે હોય તેવી શાળાઓને વિદ્યાર્થી દીઠ Composite Grant મળવાપાત્ર છે.

i. ધોરણ ૯ થી ૧૦ નો અભ્યાસ કરવા માટે વાર્ષિક રૂ. ૩,૦૦૦/-

ii. ધોરણ ૧૧ થી ૧૨ નો અભ્યાસ કરવા માટે વાર્ષિક રૂ. ૪,૦૦૦/-

મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ યોજના હેઠળ પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓ કે જેઓ અનુદાનિત કે સરકારી શાળાઓમાં પ્રવેશ મેળવે હોય તેવી શાળાઓને વિદ્યાર્થી દીઠ Composite Grant મળવાપાત્ર છે.

i. ધોરણ ૬ થી ૮ નો અભ્યાસ કરવા માટે વાર્ષિક રૂ. ૨,૦૦૦/-

ii. ધોરણ ૯ થી ૧૦ નો અભ્યાસ કરવા માટે વાર્ષિક રૂ. ૩,૦૦૦/-

iii. ધોરણ ૧૧ થી ૧૨ નો અભ્યાસ કરવા માટે વાર્ષિક રૂ. ૪,૦૦૦/-

અત્રેની કચેરી દ્વારા તા. ૧૧/૦૩/૨૦૨૪ ના રોજ આ યોજનાઓ અંતર્ગત જે વિદ્યાર્થીઓ સરકારી અથવા બિનસરકારી અનુદાનિત શાળાઓમાં પ્રવેશ મેળવેલ છે તેવી શાળાઓને વિદ્યાર્થી દીઠ Composite Grant ફાળવવામાં આવેલ છે. જેથી આ ગ્રાન્ટમાંથી નીચેની બાબતો માટે ખર્ચ કરવાનો રહેશે.

૧. મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ યોજના અને મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ યોજના અંગેની પરીક્ષાની તૈયારી કરવા અંગે વિદ્યાર્થીઓને શૈક્ષણિક સાહિત્ય પુરૂ પાડવા તથા તે અંગેની આનુષંગિક પ્રવૃત્તિઓ માટે.

૨. અધ્યયન અને સહ-અધ્યયન પ્રવૃત્તિ.

૩. શાળા-ગ્રંથાલય માટેના પુસ્તકો.

૪. ફર્નીચર અને સાધન સામગ્રી.

૫. રમત-ગમતના સાધનો.

૬. ઈનામો અને સહ-અભ્યાસિક પ્રવૃત્તિ.

૭. શૈક્ષણિક ઈલેક્ટ્રોનિક આઈટમ.

૮. યોગશાસ્ત્રને લગતા અને અન્ય જ્ઞાન પ્રવચન આપનાર મહેમાન વ્યાખ્યાતાને મહેનતાણું (વર્ષમાં જુદા જુદા વિષયો પર વ્યાખ્યાન માટે ૬ વ્યાખ્યાતાને મહેનતાણું ચૂકવી શકાય).

૯. નકશા, ચાર્ટ, અને લેખન સામગ્રી.

ઉપર જણાવ્યા મુજબની પ્રવૃત્તિઓ માટે ગ્રાન્ટની ફાળવણી તથા ખર્ચની શરતો નીચે મુજબ ખર્ચ કરવાનો રહેશે.

- ફાળવવામાં આવેલ ગ્રાન્ટમાંથી કોઈ પણ વસ્તુની ખરીદી/ખર્ચ રાજય સરકારશ્રીના પ્રવર્તમાન ધારા ધોરણ અને નિયમાનુસાર કરવાનો રહેશે.

- ફાળવેલ ગ્રાન્ટ અંગે સરકારી પ્રાથમિક શાળાઓ માટે SMC અને સરકારી માધ્યમિક શાળાઓ માટે SMDC માં ઠરાવ કરી અને અનુદાનિત પ્રાથમિક શાળાઓ અને માધ્યમિક શાળાઓના કિસ્સામાં શાળાના આચાર્ય અને બે મદદનીશ શિક્ષકોની કમિટી બનાવી ઉક્ત જણાવ્યા મુજબ Composite Grant અંગે નાણાંકીય ઔચિત્યના સિદ્ધાંતોને અનુસરી જે તે વિદ્યાર્થીઓના શૈક્ષણિક અને સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ માટે ખર્ચ કરવાનો રહેશે.

- થયેલ ખર્ચના નાણા વપરાશ અંગેના પ્રમાણપત્ર (UTC) જિલ્લા શિક્ષણાધિકારીએ (સરકારી અને અનુદાનિત માધ્યમિક શાળાઓ અને મહાનગરોની પ્રાથમિક શાળાઓ) અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ (સરકારી અને અનુદાનિત પ્રાથમિક શાળાઓ) દ્વારા તમામ સ્કૂલો પાસેથી એકત્રિત કરી નિયામક શાળાઓની કચેરીને જિલ્લાનું એકત્રિત નાણા વપરાશ પ્રમાણપત્ર (UTC) મોકલી આપવાનું રહેશે.

- શાળાના આચાર્યશ્રીઓએ હિસાબોની જાળવણી માટે ખર્ચ તથા આવકના વાઉચર્સ, રોજમેળ, ચેક/રોકડ ચુકવણા અંગેનુંરજીસ્ટર, ડેડસ્ટોક અને ગ્રાન્ટ રજીસ્ટર નિભાવવાનું રહેશે. તથા આવક અને ખર્ચના હિસાબોનું બેંક પાસબુક સાથે દરેક માસદીઠ મેળવણું) (બેંક

રીકન્સાઈલેશન પત્રક) બનાવવાનું રહેશે. તેમજ સમયાંતરે અત્રેની કચેરી દ્વારા અથવા અધિકૃત એજન્સી દ્વારા હિસાબનું ઓડિટ કરાવવાનું રહેશે. (તમામ નમૂના આ સાથે સામેલ છે.)

- કોઈ પણ ડેડસ્ટોક આઈટમની ખરીદી કરતી વખતે નાણાંકીય જોગવાઈ મુજબ ત્રણ ભાવ પત્રકો મંગાવવાની કાર્યવાહી કરવાની રહેશે અને જે તે કંપનીને આપેલ વર્કઓર્ડર, બીલ અને કંપનીને કરેલ ચૂકવણા અંગે તેમના તરફથી મળેલ પહોંચ તેમજ ખરીદેલ વસ્તુનો ફોટોગ્રાફ જે તે વાઉચર સાથે જોડવાનો રહેશે.

- અત્રેથી ફાળવવામાં આવેલ Composite Grant નો ખર્ચ તા. ૩૧/૦૩/૨૦૨૪ સુધીમાં કરી દેવાનો રહેશે.

તા. ૧૫/૦૩/૨૦૨૪ના રોજ નોંધ પર મળેલ માનનીય નિયામકશ્રીના આદેશાનુસાર.

નાયબ નિયામક(માધ્યમિક)

ગુ.રા., ગાંધીનગર

**સવિનય નકલ રવાના:-**

- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, ગાંધીનગર

**નકલ રવાના:-**

- આચાર્યશ્રી/મુખ્ય શિક્ષકશ્રી સરકારી પ્રાથમિક, માધ્યમિક, અનુદાનિત પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ તરફ જાણ તથા અમલ સારૂ

Signature Not Verified
Signed by:Navnitchandra M. Maheta
Deputy Director
Date: 2024.03.16 15:37:51 +05:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign